ગુજરાત સરકારના વેકેશન ખાતાનાં અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા જાહેર રજાના દિવસે કાર્યરત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની રજા(Leave),રજા પ્રવાસ રાહત (LTC) તેમજ LTC સાથે સંકળાયેલ પેશગી (LTC Advance) તેમજ રજાનું રોકડમાં રૂપાંતર(Leave Encashment)ની અરજીઓ અરજીઓ "કર્મયોગી" ઍપ્લિકેશનમાં ઓનલાઇન કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

**પરિપત્ર ક્રમાંક:** GAD/HRM/e-file/1/2024/1857/HRMS Section

સચિવાલય, ગાંધીનગર.

તા.***e-Sign*** મુજબ.

<u>**વંચાણે લીધા:**</u>

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫-૧૦-૨૦૨૪ ના પરિપત્ર ક્ર. GAD/HRM/e-file/1/2024/1067/HRMS Section

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦-૦૪-૨૦૨૫ ના પરિપત્ર ક્ર. GAD/HRM/e-file/1/2024/1857/HRMS Section

<u>**પ્રસ્તાવના:**</u>

ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ:(૧) પરના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રથી ગુજરાત સરકારના તમામ વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીશ્રીઓ તથા વર્ગ- ૩ અને વર્ગ-૪ ના કર્મચારીશ્રીઓ દ્વારા ફરજીયાતપણે તેઓની રજા(Leave), રજા પ્રવાસ રાહત (LTC), LTC સાથે સંકળાયેલ પેશગી (LTC Advance) તેમજ રજાનું રોકડમાં રૂપાંતર (Leave Encashment)ને લગતી અરજીઓ “કર્મયોગી” ઍપ્લિકેશનમાં જ કરવા અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ:(૨) પરના પરિપત્રથી “કર્મયોગી” ઍપ્લિકેશનમાં સમાવિષ્ટ ગુજરાત સરકારના વેકેશન ખાતાનાં અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા જાહેર રજા(બીજો/ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજા)ના દિવસે ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડતા કેલેન્ડરને “કર્મયોગી” ઍપ્લિકેશનમાં તત્કાલિન સમયે ઉપલબ્ધ ન હોવાથી, આ કેલેન્ડરને “કર્મયોગી” ઍપ્લિકેશનમાં ઉપલબ્ધ થાય અથવા અત્રેથી અન્ય સુચના પ્રસિદ્ધ કરવામાં આવે ત્યાં સુધી આ સમયગાળાઓ માટે સંબંધિત અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની રજા (Leave), રજા પ્રવાસ રાહત (LTC) તેમજ LTC સાથે સંકળાયેલ પેશગી (LTC Advance) તેમજ રજાનું રોકડમાં રૂપાંતર (Leave Encashment)ની અરજીઓ ઓફલાઇન કરવા તથા મંજુરકર્તા અધિકારીશ્રી દ્વારા અરજીઓની યોગ્યતા પ્રમાણપત્ર/મંજુરી મળ્યેથી, ઓફલાઇન મંજુર થયેલ અરજીઓ સ્વીકારવા તમામ તિજોરી અધિકારીશ્રીઓને જણાવવામાં આવેલ. આ સુચનાઓમાં સુધારો કરીને સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

<u>**પરિપત્ર:**</u>

“કર્મયોગી” ઍપ્લિકેશનમાં વેકેશન તથા જાહેર રજા(બીજો/ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજા)ના દિવસોએ ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓને લાગુ પડતા કેલેન્ડરને “કર્મયોગી” ઍપ્લિકેશનમાં અમલી કરવામાં આવેલ છે. વેકેશન ખાતાના તેમજ જાહેર રજા(બીજો/ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજા)ના દિવસોએ ફરજ બજાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની રજા(Leave), રજા પ્રવાસ રાહત (LTC) અરજી તેમજ LTC સાથે સંકળાયેલ પેશગી (LTC Advance) તેમજ રજાનું રોકડમાં રૂપાંતર (Leave Encashment)ની અરજીઓ “કર્મયોગી” ઍપ્લિકેશનમાં જ કરવાની રહેશે.

રજા(Leave), રજા પ્રવાસ રાહત (LTC)અરજી તેમજ LTC સાથે સંકળાયેલ પેશગી (LTC Advance) તેમજ રજાનું રોકડમાં રૂપાંતર (Leave

Encashment) અંગેની કાર્યવાહી માટે નાણા વિભાગ દ્વારા બહાર પાડેલ નિયમો/ઠરાવો/પરિપત્રો અને વખતો વખત બહાર પાડવામાં આવેલ અન્ય સૂચનાઓ ધ્યાને રાખીને કરવાની રહેશે.

આ પરિપત્રની તારીખ પહેલાં સંબંધિત સક્ષમ અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવેલી ઓફલાઈન અરજીઓને તિજોરી કચેરીએ ગ્રાહ્ય રાખવાની રહેશે. પરંતુ હવે પછીની તમામ નવી અરજીઓ ફરજિયાત ઓનલાઈન જ કરવાની રહેશે. “કર્મયોગી” માં આવરી લીધેલ હોય એવા કોઇ પણ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની આ હેતુની કોઈ પણ ઓફલાઈન અરજી સ્વીકારવામાં આવશે નહી. તથા તમામ તિજોરી અધિકારીશ્રીઓએ ફરજીયાત “કર્મયોગી” ઍપ્લિકેશનમાં મંજૂર થયેલ અરજીઓ જ સ્વીકારવાની રહેશે.

"કર્મયોગી” ઍપ્લિકેશનના ઉપયોગ દરમ્યાન કોઈ ટેક્નિકલ સમસ્યા જણાય તો ઓફલાઈન અરજી કરવાને બદલે સંબંધિત વિભાગના IT નોડલ અધિકારી/કર્મયોગી હેલ્પડેસ્કના ઇ મેલ:karmyogi-support@gujarat.gov.in અને હેલ્પડેસ્ક નંબર: ૦૭૯-૨૩૨-૫૮૫૭૫/૫૮૫૭૬ સંપર્ક કરી, સિસ્ટમ મારફતે જ અરજી કરવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૦૬/૨૦૨૬ની નોંધ ઉપર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-Sign***

(એ.જી.ચૌધરી)

નાયબ સચિવ(HRMS)

સામાન્ય વહીવટ વિભાગ.

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય ગાંધીનગર.
- માન. નાણાંમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, બ્લોક-૧/૫, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ)ના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગોની તમામ શાખાઓ (સંબંધિત અધિકારીઓ /કર્મચારીઓ તથા વિભાગો હેઠળની કચેરીઓના ધ્યાને મૂકવા સારુ)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર,
- જિલ્લા તિજોરી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ (HRMS Cell).

*Signature Not Verified*

*Signed by:Alkesh Chaudhari*
*Deputy Secretary*
*Date:2026.06.15*
*16:59:22 +5:30*



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*